
# શું પ્રોસ્ટેટ કેન્સરનું સ્ક્રીનિંગ મારા માટે યોગ્ય છે?



## પ્રોસ્ટેટ કેન્સર એટલે શું?

ફક્ત પુરુષોમાં જ પ્રોસ્ટેટ ગ્રંથિ આવેલ હોય છે. આ અખરોટના આકારની ગ્રંથિ મૂત્રાશયની નીચે આવેલ હોય છે. પ્રોસ્ટેટ એ મૂત્રમાર્ગ, નળીઓ જે તમારા શરીરમાંથી પેશાબને બહાર કાઢે છે તેમની આસપાસ હોય છે.

પુરુષના પેલ્વિસ (બસ્તિપ્રદેશ)ની શરીરરચના




તમારા પ્રોસ્ટેટમાં જ્યારે અસાધારણ કોષોની વૃદ્ધિ નિયંત્રણ બહાર થઈ જાય ત્યારે તેને પ્રોસ્ટેટ કેન્સર કહેવાય છે. પ્રોસ્ટેટ કેન્સરના કોષો તમારી ગ્રંથિમાં ગાંઠની રચના કરી શકે છે અને ગાંઠમાંથી અલગ થઈને ફેલાઈ શકે છે. તેઓ રક્ત વાહિનીઓ અથવા લસિકા વાહિનીઓ મારફત પ્રવાસ કરીને શરીરના અન્ય ભાગોમાં પહોંચે છે. ફેલાયા બાદ, કેન્સરના કોષો અન્ય અંગો અને પેશીઓ સાથે જોડાઇ અને વૃદ્ધિ પામી નવી ગાંઠની રચના કરી જ્યાં તેઓ પહોંચે છે ત્યાં નુકસાન પહોંચાડે છે.

## પ્રોસ્ટેટની અન્ય સ્થિતિઓ

- **પ્રોસ્ટેટાઇટીસ અને લાંબા ગાળાનો પેલ્વિસમાં દુઃખાવો** એવી સ્થિતિઓ છે જેને કારણે પ્રોસ્ટેટમાં સોજો આવે છે અને પેશાબ કરવાની સાથે શિશ્ન અને જંઘામૂળની આસપાસ દુઃખાવો થાય છે.
- **વિસ્તારિત પ્રોસ્ટેટ અથવા બિનાઇન પ્રોસ્ટેટિક હાયપરપ્લાઝિયા (BPH)** એક એવી સ્થિતિ છે જ્યાં પ્રોસ્ટેટ મોટું બની જાય છે અને તેને કારણે પેશાબ તથા અન્ય સમસ્યાઓની શરૂઆત થાય છે.

## શું મારે તપાસ (સ્ક્રીન) કરાવવી જોઇએ?

"સ્ક્રીનિંગ" મતલબ કે તમને કોઇપણ લક્ષણો ન હોય તેમ છતાં રોગ માટે પરીક્ષણ કરાવવું. પ્રોસ્ટેટ કેન્સર માટે તપાસ કરાવવાની પસંદગી કરવી એ વ્યક્તિગત બાબત છે અને તેને ગંભીરતાથી લેવી જોઇએ. તેની શરૂઆત તમારા વ્યક્તિગત અને પારિવારિક ઇતિહાસ સહિત, રોગ માટેના તમારા જોખમ વિશે તમારા ડૉક્ટર સાથેની વાતચીતથી થાય છે. ત્યારબાદ, પરીક્ષણના લાભો અને જોખમો વિશેની વાત.

સામાન્યપણે, 45 થી 69 વર્ષની વચ્ચેની વયના પુરુષો જેઓને કોઇ લક્ષણો નથી છતાં સ્ક્રીનિંગની ભલામણ કરવામાં આવે છે.

કેટલાક પુરુષો જેઓને પ્રોસ્ટેટ કેન્સરનું વધુ જોખમ છે તેઓએ શકય તેટલું વહેલું 40-45 વર્ષની વયે સ્ક્રીનિંગ કરાવવાનું વિચારવું જોઇએ. આ જૂથમાં ધૂમ્રપાન કરનારાઓનો, આફ્રિકન અમેરિકન પુરુષો અને એવા પુરુષો જેઓના પિતા, ભાઇ અથવા પુત્રને પ્રોસ્ટેટ કેન્સર થયું હતું તેનો સમાવેશ થાય છે.

## પ્રોસ્ટેટ કેન્સર માટેનાં સ્ક્રીનિંગ પરીક્ષણો ક્યા છે?

- **ડિજીટલ રેક્ટલ પરીક્ષણ (DRE):** સમસ્યાઓ માટે પ્રોસ્ટેટને સ્પર્શ કરીને કરાતું શારીરિક પરીક્ષણ.
- **પ્રોસ્ટેટ સ્પેસિફિક ઍન્ટિજન (PSA):** પ્રોસ્ટેટમાં જોવા મળતા આ પ્રોટીનનું માપન કરવા માટેનું રક્ત પરીક્ષણ.
  - ઓછો PSAનો સ્કોર એ સ્વસ્થ પ્રોસ્ટેટની નિશાની છે.
  - સ્કોરમાં ઝડપથી વધારો થવો એ સમસ્યાનો સંકેત હોઇ શકે છે (જરૂરી નથી કે કેન્સર જ હોય).
- **બાયોપ્સિ:** જો DRE અને PSA પરીક્ષણો ચિંતાજનક હોય તો પ્રોસ્ટેટમાંથી પેશીનો નમૂનો લેવામાં આવે છે. નિદાન માટે કોઇપણ કેન્સર કોષોને શોધવા માઇક્રોસ્કોપ હેઠળ તેની સમીક્ષા કરવામાં આવશે.


©2023 યુરોલૉજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.
ProstateCancer-Screening-FS-2023-Gujarati

# શું પ્રોસ્ટેટ કેન્સરનું સ્ક્રીનિંગ મારા માટે યોગ્ય છે?

### પ્રોસ્ટેટ કેન્સરના ચિહ્નો અને લક્ષણો કયા છે?

**પ્રારંભિક તબક્કાઓમાં** કોઇ લક્ષણો ન હોઇ શકે.

**વચગાળાનાં તબક્કામાં** પેશાબની સમસ્યાઓ થઈ શકે છે જેવી કે:
- પેશાબ કરવામાં મુશ્કેલી પડવી અથવા પેશાબનો નબળો પ્રવાહ
- વારંવાર પેશાબ થવો
- દુ:ખાવો અથવા બળતરા

કેન્સરરહિત સમસ્યાઓ (જેમ કે પ્રોસ્ટેટાઇટીસ અને BPH)ને કારણે પણ આ લક્ષણો હોઇ શકે છે.

**ઉચ્ચ જોખમી તબક્કાઓ** ને કારણે પેશાબની સમસ્યાઓ થઈ શકે છે અને તેમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે:
- પેલ્વિક વિસ્તારમાં મંદ પીડા થવી
- પેશાબમાં લોહી આવવું
- પીડાદાયક વીર્યસ્ખલન
- નિતંબ, કમર અથવા જાંઘના ઉપરના ભાગમાં દુ:ખાવો થવો
- ભૂખ મરી જવી અને/અથવા વજન ઘટવું

### પરીક્ષણના લાભો અને જોખમો ક્યા છે?

જેમ તમે તે નિર્ધારિત કરવા માટે તમારા ડૉક્ટર સાથે વાત કરો છો કે પ્રોસ્ટેટ કેન્સર માટેનું સ્ક્રીનિંગ તમારા માટે યોગ્ય છે કે કેમ, તે પરીક્ષણના લાભો અને જોખમો વિશે જાણવામાં મદદરૂપ થાય છે.

પ્રોસ્ટેટ કેન્સર પરીક્ષણનાં સંભવિત લાભો:

- PSA પરીક્ષણનું પરિણામ સામાન્ય આવવું એ તમારા મનનો ભાર હળવો કરી શકે છે.
- PSA અને DRE થી પ્રોસ્ટેટ કેન્સર ફેલાય તે પૂર્વે અગાઉથી જ તેને શોધી શકાય છે.
- કેન્સરની વહેલી સારવાર રોગનાં ફેલાવાને ધીમો કરી શકે છે.
- કેન્સરની વહેલી સારવારથી ઘણાં પુરુષોને લાંબુ જીવન જીવવામાં મદદ મળે છે.

પ્રોસ્ટેટ કેન્સર પરીક્ષણનાં સંભવિત જોખમો:

- કેટલીક વખત PSA પરીક્ષણ પરિણામો કંઇક ખોટું હોવાનું સૂચવે છે જ્યારે હકીકતમાં કંઈ હોતું નથી ("ખોટું પોઝિટિવ") અને ચિંતા અને બિનજરૂરી બાયોપ્સિ કરવા તરફ દોરી જાય છે.
- સામાન્ય PSA પરિણામમાં કોઇક વાર કેન્સરનું નિદાન ચૂકાઇ જઈ શકે છે ("ખોટું નેગેટિવ").
- સકારાત્મક PSA પરિણામ પ્રોસ્ટેટ કેન્સરને શોધી શકે છે, પરંતુ તે ધીમે ધીમે વૃદ્ધિ પામે છે અને કોઇ સમસ્યાઓ કરતું નથી.

### બાયોપ્સિ અને સારવારના સંભવિત જોખમો

બાયોપ્સિ (કેન્સરના નિદાનની પુષ્ટિ કરવા માટેની શસ્ત્રક્રિયા કાર્યપ્રણાલી)ને કારણે રક્તસ્ત્રાવ થઈ શકે છે અને ચેપ તરફ દોરી જઈ શકે છે. શસ્ત્રક્રિયા, રેડિએશન, દવાઓ અથવા હોર્મોન્સ વડે પ્રોસ્ટેટ કેન્સરની સારવારને કારણે સમસ્યાઓ થઈ શકે છે. સૌથી સામાન્ય આડ અસરો છે શિશ્નોત્થાનની સમસ્યાઓ, પેશાબ લીક થવો અને/અથવા આંતરડાની સમસ્યાઓ. પુરુષોએ સારવારના જોખમ વિરુદ્ધ કેન્સરના જોખમ વચ્ચે સંતુલન કરવાનું રહેશે. દાખલા તરીકે, ખાસ કરીને મોટી વયના પુરુષોમાં ધીમે ધીમે વૃદ્ધિ પામતા કેન્સર માટે સારવારની કોઇ જરૂર ન પડે તેવું બની શકે.

### યુરોલોજિ કેર ફાઉન્ડેશન વિશે

યુરોલોજિ કેર ફાઉન્ડેશન વિશ્વનું અગ્રેસર યુરોલોજિક ફાઉન્ડેશન છે – અને અમેરિકન યુરોલોજિકલ અસોસિએશનનું સત્તાવાર ફાઉન્ડેશન છે. અમે જેઓ તેઓના યુરોલોજિક સ્વાસ્થ્યને સક્રિય રીતે સંચાલિત કરે છે અને જેઓ સ્વાસ્થ્યમાં ફેરફારો કરવા તૈયાર છે તેઓને માહિતી પૂરી પાડીએ છીએ. અમારી માહિતી અમેરિકન યુરોલોજિકલ અસોસિએશન સંસાધનો પર આધારિત છે અને તબીબી નિષ્ણાતો દ્વારા તેની સમીક્ષા કરવામાં આવેલ છે.

વધુ જાણકારી માટે, યુરોલોજિ કેર ફાઉન્ડેશનની વેબસાઇટ **UrologyHealth.org/UrologicConditions** ની મુલાકાત લેવી, અથવા તમારી નજીકમાં જ ડૉક્ટર શોધવા માટે **UrologyHealth.org/FindAUrologist** પર જાઓ.

### દાવોત્યાગ વિધાન

આ માહિતી સ્વ-નિદાનનું સાધન નથી અથવા વ્યવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી. તે હેતુ માટે તેનો વપરાશ કરવો નહીં અને તેના પર આધાર રાખવો નહીં. મહેરબાની કરીને તમારા યુરોલોજિસ્ટ અથવા આરોગ્ય કાળજી પ્રદાતા સાથે તમારી આરોગ્ય ચિંતાઓ વિશે વાત કરશો. દવાઓ સહિતની કોઇપણ સારવારો તમે શરૂ કરો કે બંધ કરો તે પૂર્વે હંમેશાં આરોગ્ય કાળજી પ્રદાતા સાથે પરામર્શ કરવો.

પ્રોસ્ટેટ કેન્સર વિશેની મુદ્રિત સામગ્રીઓની નકલો માટે અને અન્ય યુરોલોજિક સ્થિતિઓ માટે **UrologyHealth.org/Download** મુલાકાત લેવી અથવા 800-828-7866 પર કૉલ કરવો.


©2023 યુરોલોજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.